#053

Team એટલે..

ટીમ એટલે માત્ર લોકોનો સમૂહ નથી—ટીમ એટલે અલગ-અલગ શક્તિઓનું એક લક્ષ્ય માટે જોડાણ.

કોઈ આગેવાની કરે છે, કોઈ આયોજન કરે છે, કોઈ મહેનતથી અમલ કરે છે—પણ યાદ રાખો, એક પણ ભૂમિકા નાની નથી.

ઘડિયાળ જ જુઓ ને —સેકન્ડનો કાંટો ન ચાલે તો સમય અટકી જાય. એ જ રીતે, ટીમમાં એક પણ સભ્ય પાછળ પડે તો પરિણામ ધીમું પડી જાય.

કોઈનું કામ દેખાય છે, કોઈનું નથી દેખાતું—પણ સફળતા માટે બંને જરૂરી છે.

કોઈક ની ભૂમિકા ભલે નાની લાગે, પણ તે વગર ટીમ અધૂરી છે.

આજે આપણે જ્યાં છીએ, ત્યાંથી આપણું શ્રેષ્ઠ આપીએ.

કારણ કે જ્યારે દરેક પોતાનું શ્રેષ્ઠ આપે છે, ત્યારે ટીમ અપરાજિત એટલે વિજયી બને છે.

મિત્રો યાદ રાખીએ “ટીમ જીતી જાય છે, કારણ કે દરેક પોતાની જવાબદારી જીતે છે.”